# પ્રદેશ ભાજપની કારોબારી બેઠક ૯-૧૦ જૂને રાજકોટમાં મળશે

## કેશુભાઈ પટેલના હોમટાઉનમાં બેઠક બોલાવી પાર્ટીએ રાજ્યમાં અસંતુષ્ટ પ્રવૃત્તિ કરતા નેતાઓને ચોંકાવી દીધાં

ગાંધીનગર, તા.૩

ગુજરાત ભાજપમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે પડેલા કેશુભાઈના હોમટાઉન રાજકોટમાં પ્રદેશ કારોબારીની બેઠક રાખી પાર્ટીએ અસંતુષ્ટ પ્રવૃત્તિ કરતા નેતાઓને ચોંકાવી દીધા છે. ધોળકાના સંમેલનના ફિયાસ્કા બાદ ભાજપે આક્રમક થઈને ૯ અને ૧૦ જૂનના રોજ આ કારોબારી રાખી છે.

મુંબઈમાં ભાજપની રાષ્ટ્રીય બેઠક અને રાષ્ટ્રીય ભાજપમાં છંછેડાયેલા વિવાદ પછી ગુજરાત પ્રદેશની આ બેઠકમાં પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ ઉપસ્થિત રહે તેવી ધારણા રાખવામાં આવી છે.

પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત નેશનલ જોઈન્ટ ઓર્ગેનાઈઝેશનલ જનરલ સેક્રેટરી વી.સતીષ આ બેઠકમાં હાજરી આપશે. બે દિવસની આ બેઠકમાં વિધાનસભાની ચૂંટણી પહેલાંની રણનિતી નક્કી કરવામાં આવશે.

આ બેઠકમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલા, પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, રાજ્ય સરકારના સિનિયર મંત્રીઓ અને પ્રદેશના અપેક્ષિત અન્ય નેતાઓ પણ હાજર રહેશે.

એવું પણ જાણવા મળ્યું છે કે ગુજરાતના પ્રભારી અને રાષ્ટ્રીય નેતા બલબીર પૂંજ પણ આ બેઠકમાં હાજરી આપશે. પ્રદેશ કારોબારીમાં ચૂંટણી પહેલાની તૈયારીઓ, મતદારોને તૈયાર કરવાની સ્ટેટજી, કોંગ્રેસને મહાત કરવાનો વ્યૂહ અને કેશુભાઈ પટેલે શરૂ કરેલી અસંતુષ્ટ પ્રવૃત્તિ સામે કેવી રીતે કાઉન્ટર કરવું તેની ખાસ ચર્ચા થવાની સંભાવના છે.

## સેક્ટર-૨૧ના વિશ્વકર્મા શૉપિંગ સેન્ટરમાં સ્ટેટ બેંકનાં એ.ટી.એમ.માં સીસ્ટમમાં ધાંધિયા

ગાંધીનગર, ૧

સેક્ટર-૨૧ ના વિશ્વકર્મા શૉપિંગ સેન્ટરમાં સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયાનું એ.ટી.એમ. ગોઠવેલ છે. આ એ.ટી.એમ. ગ્રાહકો માટે શિરવેદના તથા ટેન્શન વધારી દે છે. કારણ કે આ એ.ટી.એમ.ની કામગીરી ખુબ જ મંદ ગતિ થવાથી ચલણી નોટો બહાર નીકળવવામાં તકલીફ ઊભી થાય છે.

તાજેતરમાં એક ગ્રાહકને કડવો તથા ગભરાટવાળો અનુભવ થયો હતો. સ્ટેટ બેંકનાં એટીએમમાંથી ટ્રાન્ઝેકશન કરતાં રકમ મશીનમાંથી નીકળી નહોતી છતાં ગ્રાહકના મોબાઈલમાં રકમ ઉપાડવાનો મેસેજ બે વખત આવ્યો. સ્થળ ઉપરના સિક્યુરીટી દ્વારા જાણવા મળ્યું કે સિસ્ટમ ધીમી ચાલે છે. જેથી આવું બને છે આવી બાબતની ફરિયાદ માટે એટીએમ સેન્ટરમાં કોઈ ફરિયાદ - સૂચન બૂક નથી. જેથી ફરિયાદ કરવાનો અવકાશ નથી તથા એટીએમાં પોસ્ટરમાં ટોલ ફ્રી નંબર તથા મોબાઈલ નંબર ડાયલ કરતા સતત એન્ગેજ આવતા હતા. આમ પૈસા ઉપાડવા માટે કડવા અનુભવો થાય છે.

નાણાકીય બાબતમાં જરૂરી ચકાસણી કરવાની જરૂરી છે.

## દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓને રાહતદરે નોટ ચોપડાઓનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ સંજયગીરી ગોસ્વામીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓને નોટ -ચોપડાઓ રાહતદરે મળી શકે તે માટે સમાજ તરફથી નોટ-ચોપડાઓનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગરના સેક્ટર-૧ થી ૨૪ના તમામ વિદ્યાર્થીઓએ રાહતદરે નોટો-ચોપડાઓ મળી શકે તે માટે તેઓએ નરેશપુરી ગોસ્વામી સેક્ટર-૬ના નિવાસસ્થાને માર્કશીટની ઝેરોક્ષ કોપી આપી નોટો-ચોપડાઓ મેળવી લેવા તથા સેક્ટર-૧૫ થી સેક્ટર-૩૦ના વિદ્યાર્થીઓએ હિતેશ ભારતી ગોસ્વામી બ્લોક નં. ૩૩/૧, ઘ-ટાઈપ સેક્ટર-૨૮, ગાંધીનગરને માર્કશીટની નકલ આપી નોટો ચોપડા મેળવી લેવા એમ સમાજના પ્રમુખે જણાવ્યું છે.

ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલ જણાવે છે કે...

## થોડાક જ દિવસોમાં આંધી-પવન સાથે વરસાદ ત્રાટકી શકે છે

ગાંધીનગર, તા. ૩

ધીમે ધીમે વરસાદના સંજોગો ઉજળા બનતા જાય છે. ઉત્તર ભારતના વિસ્તારોમાં ખુબ ગરમી પડી રહી છે જેના કારણે આંધી સાથે વરસાદનો પ્રારંભ થશે. ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે વરસાદના સંજોગો ધીમે ધીમે મજબૂત બની રહ્યા છે. જો કે નીર નીરંતર ચોમાસાને હજુ થોડીક વાર છે.

હાલમાં રોહિણી નક્ષત્ર તેના અંતિમ ચરણોમાં જઈ રહ્યું છે ત્યારે ખેડૂત ભાઈઓ રોહિણી નક્ષત્રનો વરસાદ થાય તો તેને ચોમાસા માટે સારા ચિન્હો ગણે છે. રોહિણી નક્ષત્રમાં હજુ વરસાદના વાવડ નથી. પરંતુ રોહિણી નક્ષત્ર ઉતરતાં રાજયના કેટલાક ભાગોમાં વરસાદ થવાની વકી રહેશે. આવતી કાલથી બુધ નિરયણ રાશી મિથુનમાં આવતાં રોહિણી નક્ષત્રનો વરસાદ થવાની વકી રહેશે. આવતીકાલથી વાદળો જણાય જયારે તા. ૫ અને ૬ જૂનથી સાગરકાંઠે ભારે પવન ફૂંકાય અને સિગ્નલ નંબર ૧ અને ૨ લાગી જવાની વકી રહે. જો કે અમારી આ આગાહી ઉત્પાત સંબંધી નથી. પરંતુ ભૂ-ભૌગોલિક કારણો સાથેની છે.

હાલમાં પડી રહેલ ગંગા-જમનાના મેદાનોની ગરમી હવાનું હળવું દબાણ સર્જતાં વરસાદના સંજોગો ઉભા કરે. ઉનાળામાં ઉત્તર અરબી સમુદ્ર ઉપર અને આરબ રાષ્ટ્રોમાંથી આવતા સુકા પવનો ગરમી વધારતા હોય છે. અને મધ્ય ભારતમાં મે માસમાં ગરમી પડતી હોય છે. જો કે આ વરસાદ નિરનિરંતર ચોમાસાના ભાગરૂપે ગણી શકાય નહિ કારણ કે હજુ જળયોનીના જીવોની ગતિવિધિ જણાતી નથી. જયારે સૂર્ય-ચંદ્ર ફરતાં કુંડાળા જણાતા નથી એટલે હિમચાદર આકાશમાં થઈ હોઈ તેવા ચિન્હો જણાતા નથી. વળી કેરળ કાંઠે ચોમાસાએ હજુ દસ્તક દીધી નથી ઘણી વખત વિષુવવૃત્તીય ભાગો ઉપર યા તો ટ્રોપિકલ ભાગો ઉપર પોલર જેટ પવનોની અસર થાય તો દક્ષિણ પશ્ચિમ ચોમાસામાં વિલંબ થઈ શકે. ગ્રહોની દષ્ટિએ જોતાં જૂન તા. ૪ની સાંજ સુધીમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ કેરળ કિનારે આગળ વધી શકે અને આગામી ચોથી જૂનની સાંજથી ૪૮ કલાક સુધીમાં કેરળ કાંઠે આવવાની વકી રહે. જૂન તા. ૫ થી પવન ફૂંકાતાં તા. ૪ થી ૬ જૂનમાં આંધી સાથે રાજયના કેટલાક ભાગોમાં રોહિણી નક્ષત્રનો વરસાદ આવવાની વકી રહે જયારે જૂન તા. ૭ થી સમુદ્રમાં પવનો બદલાતા ૧૦મી જૂન સુધીમાં રાજયના ઘણા ભાગોમાં ભારે વરસાદ પણ આવી શકે.

કેરળ કાંઠે ચોમાસુ જૂનની પહેલી તારીખે ન આવવા છતાં ગંગા-જમનાના મેદાની વિસ્તારોમાં હળવું દબાણ સર્જાતાં બંગાળના ઉપસાગરના વહન પહેલાં પણ આવી શકે. આગામી નિરનિરંતર ચોમાસાની હજુ વાર હોવા ચતાં ચોમાસુ સારું જવાની ધારણા રહે. જયારે અલનીનોની અસરની સંભાવના હોવ છતાં સૂર્ય માર્ગના બુધ-શુક્રના યોગ જોતાં ચોમાસું સારું આવવાની વકી રહે. પરંતુ મંગળ-શનિના યોગો જોતાં કેટલાક ભાગોમાં અતિવૃષ્ટિ કે પૂરની વકી રહે. જયારે કેટલાક ભાગોમાં વરસાદ ઓછો થઈ શકે.

થોડાક જ દિવસોમાં જેઠ વદ ત્રીજ અને ગુરુવારમાં આદ્રા નક્ષત્રમાં બુધ આવતાં સૂર્ય રોહિણી નક્ષત્રમાં આંધી આવતા આંધી સાથે વરસાદ આવવાની વકી રહેશે.

## સાદરા ખાતે કૃષિમહોત્સવ અંતર્ગત કૃષિરથ સમાપન સમારોહ યોજાયો

### મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને ચેક તથા કિટ્સ અર્પણ કર્યા

ચિલોડા, તા. ૨

ગાંધીનગર જિલ્લાના સાદરા ખાતે કૃષી મહોત્સવ-૨૦૧૨નો તાલુકા કક્ષાનો સમાપન સમારંભ તા.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

૩૧મી મે ના રોજ સાદરા સેવા સરકારી મંડળીના પટાંગણમાં રાજ્ય શિક્ષણ મંત્રી તથાજિલ્લા પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે તાલુકા ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, અતિપછાત કલ્યાણ બોર્ડના અધ્યક્ષશ્રી પુનમચંદ મકવાણા પ્રાંત અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી શામળભાઈ એસ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી શ્રી જે.એમ. તુવાર તથા ગામના સરપંચશ્રી મહેશભાઈ રાવલ, માધવગઢ તથા જાખોરા ગામના સરપંચશ્રી, તલાટી કમ મંત્રીશ્રી આશારામભાઈ પ્રજાપતિ, લાયઝન અધિકારી વી.એ. સોની, વિસ્તરણ અધિકારી મગનભાઈ વણકર, ગ્રામ સેવકશ્રી જે.ડી. ઠાકોર, જી. જે. ઝાલા તથા ખેતી વૈજ્ઞાનિક વસંતભાઈ પટેલ, વિવિધ ગામોના પ્રગતિશીલ ખેડૂતો શ્રી શાંતિભાઈ પટેલ, રમેશભાઈ પટેલ (પંચવટી) વગેરે ઉપસ્થિત રહી કૃષિ મહોત્સવની સફળતાને બિરદાવી પ્રોત્સાહન પુરૂ પાડવામાં સહયોગી બન્યા હતા. આ પ્રસંગે ખેતી વિષયક, પશુપાલન, બાગાયત, આરોગ્ય કેમ્પ, પશુ રસીકરણ, લોક ડાયરો જેવા સંબંધિત કાર્યક્રમો યોજી વિશેષ જાણકારી આપી હતી. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે કૃષિ, પશુપાલન, બાગાયત વિષયક લાભાર્થી ખેડૂતોને કિટ્સ વિતરણ કર્યુ હતુ. જ્યારે ખેતી વિષયક યોજના હેઠળ લાભાર્થીઓને ૩૨ ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિકારીગણ, પ્રગતિશીલ ખેડૂતો, મહિલાઓ, ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવવા કટીબદ્ધ બન્યા હતા.

## ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની ૨૧ રજુઆતોનો હજુ પ્રતિભાવ નથી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે સરકારમાં જુદા જુદા પ્રશ્નોની રજુઆત માટે ૨૧ પત્રો લખેલ છે. પરંતુ દુખની વાત છે કે એકપણ પત્રનો વ્યવસ્થિત કે વચગાળાનો જવાબ આપેલ નથી. જે અંગે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખશ્રી લવજીભાઈ વાડીઆએ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સમક્ષ રજુઆત પત્રોથી કરેલ છે.

પાટનગરમાં સરકારની નજર સામે બેઠેલા અરજદારોની રજુઆતોના વચગાળાના કે આખરી જવાબો આપવામાં આવતા નથી અને સત્તાવાળાઓ દ્વારા આમ જનતાની રજુઆતો તરફ નફરત અને અસ્પૃશ્યતા બતાવવામાં આવ્યાની છાપ ઉભી થાય તેમજ તેને કારણે લોકોની લોકો માટેની લોકો વડે ચાલતી સરકાર વિરૂદ્ધ આમજનતાના આક્રોશમાં વૃદ્ધિ થયા કરે તેવી સ્થિતિ શા માટે ચલાવવામાં આવે છે તેનું લોકોને આશ્ચર્ય અને ભારોભાર દુઃખ છે.

સરકારશ્રીની સુચના અને પરિપત્રો છે કે અરજદારની રજુઆતની તરત પહોંચ અધિકારીને આપવી. વાજબી સમયમાં સંતોષકારક જવાબ આપવો. તેમ છતાં સત્તાવાળાઓને સરકારશ્રીની સુચનાઓ ઘોળીને પી જવા છતાં લોકોની અકળામણો વધતી જતી હોય છે. સરકારની વિરૂદ્ધના વૃદ્ધિ પામતા આક્રોશના સત્તાવાળાઓ ભોગ બનતા હોય છે. તેઓની સામે કોઈ કાર્યવાહી થતી નથી તેનું લોકોને આશ્ચર્ય છે.

રજિસ્ટર્ડ સંસ્થાને જવાબ નથી મળતો તો આમ આદમીની શું પરિસ્થિતિ હશે. પાટનગરમાંથી તમામ સેવાભાવી સંસ્થાઓની જાગૃત નાગરિક પરિષદે જ બોલાવેલી મહાસભામાં પણ લગભગ તમામ સંસ્થાઓ આ પ્રકારની ફરિયાદોને સમર્થન વ્યક્ત કરેલ છે.

સમગ્ર રાજયના જાહેર વહીવટને ઉત્તમ બનાવવાની પવિત્ર ફરજ અને જવાબદારી છે. તેવા મુખ્ય સચિવશ્રીને પણ નામજોગ પત્ર લખેલ છે. તેઓએ પણ ઉપેક્ષા કરી છે. કોઈ જવાબ આપેલ નથી.

સરકારશ્રીને સમયસર રજુઆતોનો જવાબ પાઠવવાની રજુઆતો કરેલ છે.

# કોઈ તો જવાબ દો... મારા દિકરાને ધરતી ગળી ગઈ કે આસમાનમાં ઓગળી ગયો ?

સંબંધ સજાવે જિંદગી

**મા–બાપ અને પુત્ર**

- પોપટલાલ પટેલ

gsrelation@yahoo.com

વાત છે ૨૫ વર્ષ પહેલાની. કોઈના ખોવાયેલા રતનની.. સેક્ટર-૨૯માં 'છ' ટાઈપ નવરાત્રિ ચોકમાં એક મજાનુ પરીવાર રહે. ચંદ્રપ્રકાશ ગોસાઈ, મનોરમાબેન અને બે દિકરા હિતેશ અને હિમાંશુ. ચંદ્રપ્રકાશ અને હિતેશને નવરાત્રિનો ગાંડો શોખ. ચંદ્રપ્રકાશ માતાજીની સેવા કરે અને હિતેશ દાંડીયા રાસ રમે. હિતેશ ભણવામાં પણ તેજસ્વી, શાંત અને સરલ સ્વભાવ, દુશ્મનને પણ વહાલો લાગે તેવો હસમુખો સ્વભાવ. એ ભલો ને એનુ ઘર ભલુ.

મિત્રાચારી પણ ખાનદાનીથી નિભાવે તેવો. ઉજ્જવળ કારકિર્દી સાથે હિતેશ ધો. ૧૨ સાયંસમાં અભ્યાસ કરતો હતો ત્યારની વાત. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૪-૯-૮૭ના રોજ નવરાત્રિનો પ્રારંભ થવાનો હતો. ૨૩-૯-૮૭ના રોજ સાંજે ૬ વાગે અચાનક હિતેશ પોતાની મમ્મીને કહે મમ્મી હું મારા મિત્રને ત્યાંથી બુક લઈને હમણાં જ પાછો આવું છું. આવીને આપણે સાથે જમીશું. અને હિતેશ સાયકલ લઈને ઉપડ્યો. સમય પસાર થતો ગયો. ઘડિયાળમાં સાત, આઠ, નવના ટકોરા પડ્યા પણ હિતેશ પાછો વળ્યો નહિ. મનોરમાબેનને ચિંતા થવા લાગી દિકરાને આટલુ બધુ મોડુ કેમ થયું ? હિતેશ કામ વગર ક્યાંય રોકાય નહિ. હૈયે ઉચાટ થયો.

હૃદયના ધબકારા વધવા લાગ્યા ઘડિયાળે કોઈની શરમ રાખ્યા વિના દસ અને અગિયારના ટકોરા પણ પાડ્યા. નવરાત્રિની તૈયારી માટે ચોકમાં વસાહતીઓ ભેગા થયા હતા. આખા સેક્ટરમાં પવન વેગે વાત વહેતી થઈ. છોકરો ક્યાં ગયો ? કોઈ તેને ઉપાડી ગયું ? કોઈએ તેને ફસાયો ? સૌ સાધન લઈને નીકળી પડ્યા. ચારે બાજુ તપાસ કરી પણ ક્યાંથી હિતેશના વાવડ ના મળ્યા. ઘરમાં રાંધેલા ધાન રખડી પડ્યા. ચંદ્રપ્રકાશ અને મનોરમાબેન બેબાકળા અને બહાવરા બની કલ્પાંત કરવા લાગ્યા. સમય વિતતો ગયો.

દિવસો, મહિના અને વર્ષો વિત્યા. હિતેશની ક્યાંયથી ભાળ ન મળી. ચંદ્રપ્રકાશ ભગવાનના માણસ તેઓ આકાશવાણી કેન્દ્રમાં ગયા, દુરદર્શન કેન્દ્રમાં જઈ વિનંતી કરી મારા દિકરાનો ફોટો ટીવીમાં બતાવો ક્યાંક કોઈને ભાળ મળી જાય. અને આમ પ્રત્યેક દિવસે ઉગતો સુરજ સૌના માટે આશાનું કિરણ લઈને આવે પણ ગોસાઈ પરીવાર માટે સુરજના કિરણો ડિસેમ્બર મહિનામાં પણ અંગ દઝાડતા હતા. ઝરમર વરસતો વરસાદ સૌના હૈયે ઠંડક પ્રસરાવતો ત્યારે ગોસાઈ પરીવાર માટે ઝરમર વરસાદ સાંબેલાધાર વરસતો હોય તેવુ લાગેય કુદરતની પ્રત્યેક લીલા એમના માટે દર્દનો પયગામ લઈને આવતી હોય તેમ લાગે. રામ રામનુ રટણ કરતી શબરી ઝાડના પાંદડા હાલે અને ઝબકીને જાગી જાય કે મારો રામ આવ્યો એવી જ દશા મનોરમાબેનની થઈ ગઈ. નવરાત્રિમાં ઢોલ પર દાંડીયા પડે અને તેમના હૈયે હથોડા ટીપાતા હોય તેમ લાગે. રાસ રમતા યુવાનોમાં ક્યાંય મારો હિતેશ તો નથીને ? એમ સમજી વિસ્ફારીન નયને પ્રત્યેક યુવાનોના ચહેરાને ધ્યાનથી નિહાળે. પણ કેવળ નિરાશા સિવાય કંઈ ન મળે. ક્યાં ગયો મારો હિતેશ. એને ધરતી ગળી ગઈ કે આસમાનમાં ઓગળી ગયો ? અને ચંદ્રપ્રકાશ તેમજ મનોરમાબેન ૬૦નો દાયકો વટાવી ચુક્યા છે.

દિકરાની ઝંખના છે. આયખુ ક્યોર પુરૂ થાય એ કોણ કહી શકે ? જીંદગીની અંતિમ સવારી નીકળે ત્યારે એ સવારી દિકરાના કાંધ પર નીકળે એની ઝંખના કોને ન હોય ? ૨૫ વર્ષનો લાંબો સમય પસાર થયો છતાં હજુ ધિરજ ખુટી નથી. મારો હિતેશ કોઈક દિવસ આવશે અને પુછશે મમ્મી, નવરાત્રિને કેટલી વાર છે ? હિતેશના ગયા પછી બીજો દિકરો હિમાંશુ પણ ડિપ્રેશનમાં આવી ગયો. તેની સલામતી ખાતર આ પરીવારે બીજા દિકરાને ઈંગ્લેન્ડ મોકલી દીધો.

અમારી આંખોના બે રતનમાંથી એક રતન તો છીનવાયુ. બીજુ રતન છીનવાય તો જીવનમાં અંધકાર સિવાય રહે શું ? જીવનના ઉત્તરાર્ધમાં દિકરાની હૂંફ જોઈએ તેના બદલે દિકરાને દૂર કરવામાં મા-બાપના હૈયે કેટલી વેદના થઈ હશે એ તો જેણે પીડા અનુભવી હોય તે જ જાણે. પણ ગોસાઈ દંપતિ કહે છે કે મારો દિકરો અને દિકરાની વહુ ખુબ લાગણીશીલ છે અને અમારી ખુબ કાળજી રાખે છે. કોઈ જાતની ચિંતા કર્યા વગર ખુબ આનંદથી જીવન ગુજારવાની સલાહ આપે છે અને અમારુ સ્વાસ્થ્ય પણ ખુબ સારૂ રહે છે એટલી ભગવાને બારી ખુલ્લી રાખી છે બાકી પરવરદિગાર કરે તે ખરૂ...

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૨

## તાપમાન

મહત્તમ : ૪૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** રાઉડી રાઠોડ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :** એમઆઈબી- ૩ (હિન્દી) : ૧૧.૧૫

રાઉડી રાઠોડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :** હાઉસફુલ- ૨ : ૧૧.૩૦

વીકી ડોનર : ૨.૩૦

ઈશકઝાદે : ૪.૪૫

રાઉડી રાઠોડ : ૭.૧૫, ૧૦.૦૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** રાઉડી રાઠોડ : ૯.૦૦, ૨.૩૦, ૭.૪૫

મેન ઈન બ્લેક ૩ડી (હિન્દી) : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** રાઉડી રાઠોડ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

**સ્ક્રીન-૩ :** રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૮.૩૦

ઈશકઝાદે : ૫.૪૫

**સ્ક્રીન-૪ :** રાઉડી રાઠોડ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

આખા જગતની નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- હોલી ચોક, સર્વોદયનગર, સેક્ટર-૩૦ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે, ગોસ્વામી સંજયભારતી બાપુના વ્યાસપીઠ પરથી શિવકથા મહોત્વનો પ્રારંભ

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ :** પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

**મિથુન :** દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક :** મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ :** વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા :** આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા :** આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક :** આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન :** સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર :** સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ :** મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન :** સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. જયંતભાઈ વલ્લભભાઈ તલાવિયા (ઉ. વ. ૩૫) બ્લોક નં. ૭૬/૯, 'જ' ટાઈપ, સેક્ટર-૨૨, ગાંધીનગર
- સ્વ. જીજ્ઞાષાબેન સંજયકુમાર દવે (ઉ. વ. ૪૫) પ્લોટ નં. ૧૦૯૩, સેક્ટર-૬/સી, ગાંધીનગર
- સ્વ. હાર્દિક જશવંતભાઈ પટેલ (ઉ. વ. ૧૮) મુ.પો. બિલીયા તા. વિજાપુર, જિ. મહેસાણા